ગાંધીનગર સમાચાર

તા. ૧૫-૩-૨૦૧૫, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### રાષ્ટ્ર અને રાષ્ટ્રપિતાની મર્યાદા જાળવીએ

સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ માર્કંડેય કાટજૂ પ્રેસ કાઉન્સિલના વડા બન્યા તે પહેલાંથી વિવાદાસ્પદ નિવેદનો આપતા રહ્યા છે. એમની આવી હરકતોને લીધે સમાજમાં તેઓ વારંવાર હડધૂત પણ થતાં રહ્યા છે. વાણી સ્વાતંત્ર્યના મૂળભૂત અધિકારનો આવો પદ્ધતિસરનો દુરુપયોગ ભાગ્યે જ અન્ય કોઇ પ્રતિષ્ઠિત મહાનુભાવ દ્વારા થયો હશે. તાજેતરમાં એમણે મહાત્મા ગાંધી વિશે બેફામ ઉચ્ચારણો કરીને એમનાં નકારાત્મક વ્યક્તિત્વનો પરચો આપી દીધો હતો. એમને ગાંધીજીને બ્રિટીશ એજન્ટ ગણાવીને આઝાદીની ઐતિહાસિક ચળવળ સામે જ પ્રશ્નાર્થ ખડો કરી દીધો છે. યુગપુરુષ તરીકે આખી દુનિયાને પ્રભાવિત કરનાર મહાત્મા શું અંગ્રેજ સરકારના ઇશારે નાચતા હતા? એમણે દક્ષિણ આફ્રિકામાં સફળ સત્યાગ્રહ ચલાવ્યા પછી ભારતમાં આવીને એમના રાજકીય ગુરુ ગોખલેની સલાહ મુજબ આખું એક વરસ દેશનો પ્રવાસ કરી એની સમસ્યાઓની સમજણ કેળવવામાં વિતાવ્યું હતું. તે પછી એમણે કોચરબ અને સાબરમતી આશ્રમ ખાતે રચનાત્મક કાર્યક્રમની અહાલેક જગાડી હતી અને દેશના પાયાના પ્રશ્નો ઉકેલવા માટે ઊંડું ચિંતન-મનન કર્યું હતું. એમણે ગરીબ દેશવાસીઓની રોજીરોજી માટે ચરખા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આઝાદી કરતાં પણ પહેલી પ્રાથમિકતા અસ્પૃશ્યતા નિવારણ અને નશાબંધીને આપનાર મહાત્માએ સત્ય અને અહિંસાની આજીવન ઉપાસના કરી, એટલું જ નહીં બલકે સિદ્ધાંતો ખાતર પ્રાણ અર્પણ કરી દીધા. એમના આવા યશોજ્જવલ જીવન સામે આંગળી ઉઠાવનાર માર્કેંડય કાટજૂ જો એમને બ્રિટીશ સરકારના એજન્ટ કહેવાની હિંમત ધરાવતા હોય તો ગાંધી શૈલીમાં એટલું જ કહેવું પડે : સબ કો સન્મતિ દે ભગવાન. ગાંધીએ અહિંસાના શસ્ત્ર વડે અંગ્રેજને દેશમાંથી હાંકી કાઢ્યો પણ દેશનાં ભાગલા એમનાથી ન રોકી શકાયા. પોતાની આ નિષ્ફળતા એમને છેલ્લા દિવસોમાં કોરી ખાતી હતી અને ૧૨૦ વર્ષ જીવવાની ધખના રાખનારા પ્રયોગવીર છેલ્લે તો ઇશ્વરને પ્રાર્થના કરતા હતા કે પોતાને ઉપાડી લે ગાંધીએ ધર્મો વચ્ચે ભેદભાવ ઊભા કરાવી દેશને વિભાજન તરફ દોર્યો એવા આક્ષેપમાં કોઇ તથ્ય ખરું? ગાંધી તો આજીવન સર્વધર્મ સમભાવથી જીવ્યા, એટલું જ નહીં - એમણે 'રઘુપતિ રાઘવ રાજા રામ' પછી તરત જ 'ઇશ્વર અલ્લા તેરો નામ' કહ્યું હતું. આશ્રમમાં સર્વધર્મ પ્રાર્થનાની પ્રણાલી આજપર્યંત ચાલુ રહી છે. ગાંધીજીએ હિંસક માર્ગે આઝાદી મેળવવા મથતાં ક્રાંતિવીરોનો રસ્તો ખોટો હતો, એમ જરૂર કહ્યું પણ એમને કયારેય પોતાના કરતાં દેશભક્તિમાં ઊણા નથી ચીતર્યા. માર્કંડેય કાટજૂની વિકૃત માનસિકતા સામે સરકારે ગાંધી માર્ગે વિરોધ નોંધાવવો જોઇએ એમ નથી લાગતું? રાષ્ટ્ર અને રાષ્ટ્રપિતાની મર્યાદા જાળવવી એ પણ આપણો રાષ્ટ્ર ધર્મ છે.









ગાંધીનગર સેક્ટર-૨૩ કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા સંચાલિત ગર્લ્સ હોસ્ટેલની વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સર્વ વિદ્યાલય સંચાલિત ગર્લ્સ હોસ્ટેલ દ્વારા નિવાસી વિદ્યાર્થીનીઓ માટે બ્યુટી પાર્લર, ફેશન ડિઝાઈનીંગ, મહેંદી, રસોઈ સહિત વિવિધ વર્ગો પણ ચલાવવામાં આવે છે. વર્ષ દરમ્યાન આ પ્રવૃત્તિઓમાં તૈયાર થયેલ બહેનોએ પોતાની પ્રવૃત્તિઓને રજુ કરી હતી. જેમાં બ્યુટી પાર્લરની બહેનોએ વિવિધતા પ્રગટ કરતી દુલ્હન, ગરબા દુલ્હન, વિવિધ પ્રકારની મહેંદી, ફેશન ડિઝાઈનમાં જાતે તૈયાર કરેલા કપડાંનો ફેશન વોક શો, વિવિધ પ્રકારના નૃત્યો સહિત રસોઈ શૉ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૨૭૦ જેટલી વિદ્યાર્થીઓને પોતાની કલા પ્રસ્તુત કરી હતી. આ પ્રસંગે કડી સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલ, સે. ૨૩ના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ, સે. ૧૨ના કેમ્પસ ડાયરેક્ટર આર.જે. વ્યાસ, જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ લત્તાબહેન ચોકસી, ગર્લ્સ હોસ્ટેલના સુપ્રિન્ટેડ કૌશલ્યાબેન પટેલ સહિત વિવિધ શાળા-કોલેજના પ્રિન્સિપાલશ્રીઓ ખાસ ઉસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.



## સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૨૯/૧ના વિદ્યાર્થીઓએ ફાયરી સેફ્ટીની તાલીમ લીધી

સરકારી પ્રાથમિક શાળા નં. ૧, સેક્ટર-૨૯/૧ ગાંધીનગર ખાતે ફાયર સેફ્ટી સેમિનાર અંતર્ગત બાળકોને ફાયરસેફ્ટીની કામગીરી વિશે જાણકારી અને તાલીમ આપવામાં આવી હતી. ફાયર ઓફિસરશ્રી મહેશભાઈ મોડ દ્વારા બાળકોને ફાયર અને ઈમરજન્સી સેવાઓ વિષે વિસ્તૃત જાણકારી તેના સાધનોની માહિતી ઉપયોગીતાની તાલીમ આપવામાં આવી હતી. ગણીત-વિજ્ઞાન મંડળ અંતર્ગત આ તાલીમથી જ્ઞાનમાં વધારો થાય છે. આપત્તિ અને વ્યવસ્થાપનના વિષયને જીવનમાં ઉપયોગી જીણવટભરી સમજ આપવામાં આવી હતી. આચાર્યશ્રી મીનાક્ષીબેન કે. જોષીએ આભાર માન્યો હતો. ગણિત-વિજ્ઞાન મંડળની પ્રવૃત્તિના વાચક શ્રી શીતલબેન બારોટ દ્વારા આયોજન કરવામાં આવેલ હતું.

## આજે 'કવિતા વારસા' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રીશ્રી મુળજીભાઈ પરમાર 'દધિ' અને ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદના મંત્રીશ્રી પ્રફુલ્લ રાવલે અખબારી યાદીમાં જણાવેલ છે કે ગુજરાતી સાહિત્ય સભાના સહયોગથી કવિશ્રી રવિન્દ્ર પારેખના કાવ્ય પઠનનો કાર્યક્રમનું આયોજન તા. ૧૫મી માર્ચના રવિવારના રોજ સાંજે ૬.૦૦ વાગે ગાંધીનગર જિલ્લા પુસ્તકાલય સેક્ટર-૨૧માં રાખવામાં આવ્યું છે.

કવિમુખે કાવ્યનો આસ્વાદ લેવા નગર સાહિત્યકારો, સાહિત્ય રસિકો-ભાવકો અને સંસ્થાના સર્વે સભ્યોને લાભ લેવા મંત્રીશ્રી મુળજીભાઈ પરમાર 'દધિ'એ જણાવેલ છે.

## સુરક્ષા સેતુ અંતર્ગત લીંબોદરા હાઈસ્કૂલની વિદ્યાર્થીઓને સ્વ-રક્ષણની તાલીમ અપાઈ

### અગિયાર દિવસીય તાલીમમાં ૫૦ વિદ્યાર્થીનીઓ જોડાઈ

ગાંધીનગર, તા. ૧૪

મહિલાઓ અને છોકરીઓની છેડતીના બનાવો અવાર-નવાર બની રહ્યા છે. ત્યારે દીકરીઓને સ્વ-રક્ષણ માટે ગુજરાત પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા લીંબોદરા હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓને તાલીમ આપવામાં આવી હતી.

જિલ્લાના લીંબોદરા સ્થિત પી.સી.આર. શાહ હાઈસ્કૂલમાં સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા વિદ્યાર્થીનીઓને સ્વ-બચાવ માટેની તાલીમ આપવામાં આવી હતી. સુરક્ષા સેતુના પ્રશિક્ષક ઝહીરખાન પઠાણે બાળાઓને કરાટેના વિવિધ પાઠ ભણાવ્યા હતા.

સ્વબચાવ માટેની તાલીમ મેળવી રહેલી વિદ્યાર્થીનીઓએ જણાવ્યું હતું કે સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા આપવામાં આવેલ તાલીમ જીવનમાં ખુબજ ઉપયોગી નિવડશે. છોકરીઓ ઉપર ડગલે ને પગલે છેડતીના બનાવો બને છે. અમારે ઘણીવાર પોતાના કામ અર્થે નિકળીએ ત્યારે સ્વજનને સાથે રાખવા પડે છે.

તાલીમ મેળવ્યા પછી અમે અવશ્ય છેડતી કરનારનો સામનો કરી શકીશુ. તાલીમ શિબિર બાદ શાળાના પ્રિન્સિપાલે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## બચપન પ્લે સ્કૂલના વાર્ષિકોત્સવનું આયોજન

ગાંધીનગરના સેક્ટર-૧ બચપન પ્લે સ્કૂલ દ્વારા તા. ૨૧મી માર્ચ શનિવારે વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ વાર્ષિકોત્સવ ગાંધીનગરના ટાઉનહોલ ખાતે સવારે ૧૦ થી ૧ દરમ્યાન ઉજવાશે. આ વાર્ષિકોત્સવમાં શાળાના વિદ્યાર્થીઓ, કર્મચારીગણ તેમજ બાળકોના વાલીઓ સાથે મળીને વિવિધ થીમ આધારિત કૃતિઓ પ્રસ્તુત કરશે.


# રીપોર્ટર્સ એડિટર : અનપ્લગડ લખનૌ બોય

હું જયારે મરી જાઉં ત્યારે જો મારી કબર પર એમ લખવામાં આવશે કે અહી એક પ્રિન્ટ જર્નાલીસ્ટ સુતો છે તો હું મર્યા પછી પણ અનહદ દુખી થઈશ. આ શબ્દો હતા ભારતના અગ્રીમ સંપાદક અને હવે સ્વર્ગસ્થ વિનોદ મેહતાના અને એ પણ આજથી દસેક વર્ષ પહેલા એમણે આપેલા એક ઈન્ટરવ્યુંમાં એમણે આ વ્યથા પ્રગટ કરેલી. ને વાત પણ સાચી જ કહેલી ને એમણે? વિનોદ મેહતા ખાલી પત્રકાર થોડા હતા, એ તો હતા ભારતીય પત્રકારજગત અથવા તો એમ કહો ને કે સંપાદકજગતના કેટલાક અગ્રીમ સંપાદકો માહેના એક. નિર્ભય, બેબાક અને સફળ. આ જ ઈન્ટરવ્યુંમાં એમણે આગળ જે કહ્યું છે એ વાચ્યા પછી એ કેટલા વ્યવહારુ હતા એનો અંદાજ પણ આવી જશે. સફળ સંપાદક થવા વિષે વિનોદ આગળ કહે છેઁ જો તમારે ખરેખર સમ્પાદકીય સફળતા મેળવવી હોય તો એ જરૂરી છે કે તમારું પ્રકાશન વ્યવસાયિક રીતે આગળ હોવું જોઈએ. જે પ્રકાશન કોમર્શિયલી નબળું છે એનો સંપાદક પણ લોટાની જેમ આમથી તેમ ગબડતો જ રહેશે. સીધી ને સટ્ટ વાત છે કે જો તમારું પ્રકાશન સારું વેચાતું હશે, સારો ધંધો કરતુ હશે અને સારી કમાણી કરતુ હશે તો તમે એઝ એ સંપાદક બિન્દાસ રીતે ગમે તે લખી શકશો કે પીરસી શકશો.

લખનૌ બોયની આ વાતમાં દમ છે અને એટલે જ વિનોદના વડપણ નીચે આઉટલુક જેવા ગંભીર મેગેજીને પણ જોરદાર કાઠું કાઢીને ઈન્ડિયા ટુડે જેવાને પણ મ્હાત આપવામાં સફળતા મેળવેલી. વિનોદ એ વિષે પણ પ્રકાશ પાડે છે કે સમાચારોની દુનિયા ઈન્સ્ટન્ટ થતી જાય છે. ટીવી ચેનલો તરત જ ઘટનાની રજૂઆત કરી દે છે એવા સમયે મેગેઝીને એ જ સમાચારોને કશુક નવી રીતે અને વાચકોને સ્પર્શી જાય એમ રજુ કરવા જ પડે. જૂની રીતે છપાતા અહેવાલોના જમાના ગયા. આજકાલ બધા ન્યુઝપેપર વાંચે છે, બધા જ ટેલીવિઝન જુએ છે.એટલે મેગેઝીન એ વધારાનું વાંચન કહેવાય અને એવા સમયે જો તમારે તમારા મેગેઝીનને વધુ સફળ કે વધુ વાંચકો સુધી પહોચાડવું હોય તો સમાચારોને વધુ નવીન રીતે રજુ કરવા પડે, પ્રકાશનને આકર્ષક બનાવવું પડે અને સૌથી અગત્યની વાત કે પ્રકાશનને કોમર્શિયલી સફળ રાખવું પડે, કમાતું રાખવું પડે બસ પછી કોઈની તાકાત નથી કે તમારા મેગેઝીનને લોકપ્રિય થતા અટકાવી શકે.

મેહતાનો આ જ નજરીયો એમને સફળ સંપાદક બનાવી ગયો એમ કહીએ તો અતિશયોક્તિ નથી. વિનોદ મેહતા આ નામ સાંભળતા જ એ દિવસો યાદ આવી જાય જયારે આઉટલુક નવું નવું બજારમાં આવેલું. આ લેખક સહીત ઘણા બધા વાંચન રસીયાઓને યાદ હશે કે એ સમયે ખાલી ઈન્ડિયા ટુડે જ વંચાતું અને વહેચાતું એવા સમયે આકર્ષક કવરપેઈજ જ નહી પણ એટલી જ રસાળ અને માહિતીસભર લેખોની સાથે સાથે આઉટલુકમાં એ બધું જ હતું જે કદાચ બીજા મેગેઝીનોમાં એ સમયે ખૂટતું દેખાતું. અસલમાં ભારતીય સંપાદકો બે પ્રકારના હોય છે, એક કે જે માલિકો પ્રત્યે વફાદાર, પોતાના પદના અભિમાની કે પગાર પુરતી જ નિસ્બત રાખનાર અને બીજા પ્રકારના સંપાદકો પત્રકારિતાને સમર્પિત, પોતાના નીતિ-નિયમો માટે માલિકો સાથે પણ ઝગડો કરી નાખનાર. આ બીજા પ્રકારના જવ્વલ્લે જ જોવા મળતા સંપાદકો હોય છે. એમના દુર્ભાગ્યે અને વાચકોના સદભાગ્યે વિનોદ બીજા પ્રકારના સંપાદક હતા.

રાવલપીડી (પાકિસ્તાન)માં જન્મ્યાને ત્રણ જ વર્ષમાં વિનોદ રેફ્યુજી તરીકે ભારત આવી ગયા ને વસ્યા લખનોમાં, ભણવામાં ભાઈ બહુ ખાસ નહિ. થર્ડ ક્લાસ સાથે ગ્રેજયુએટ થયા પણ આકાંક્ષાઓ આભને આંબવાની એટલે ગયા ઈંગ્લેન્ડ પણ રોજી-રોટી માટે કારખાનામાં કામ કરવા જેવા પ્રયોગો કરવા છતાં કઈ ખાસ જામ્યું નહિ, કદાચ નસીબમાં શબ્દો સાથે કામ પાડવાનું લખ્યું હશે એટલે જોડાયા એડ ફિલ્ડમાં. ૧૯૭૪માં વિનોદને એના સ્વભાવને અનુરૂપ કામ મળ્યું. પુરુષો માટેના બહુચર્ચિત મેગેઝીન ડેબોનેર ના પુનઃમુદ્રણનું અને વિનોદ એના સંપાદક. ડેબોનેરની છાપ પણ એવી જ. અર્ધનગ્ન ૮-૧૦ ફોટાઓ અને સામાજિક રીતે જુગુપ્સાપ્રેરક લેખો છપાતા. જો કે આ ફોટાઓ સિવાય પણ ડેબોનેરને વાંચનારો એક વર્ગ હતો. પણ પોતાની આત્મકથા લખનૌ બોયમાં વિનોદે લખ્યું છે કે ડેબોનેરની સફળતા છતાં મને કોઈ ગંભીરતાથી નહોતું લેતું. મારે લોકોને વિશ્વાસ અપાવવો હતો કે હું પણ કૈક છું ને એટલે મેં લખવાની શરુ કરી સંજય ગાંધીની આત્મકથા. વિનોદ લખે છે કે સંજય ગાંધીનું વ્યક્તિત્વ હતું એકદમ ગંભીર અને હું એઝ એ લેખક એનાથી સાવ વિરુદ્ધ છેડાનો - રમુજી અને સહેજ પણ ગંભીર નહિ.



રજળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

વિનોદ એક એવું વ્યક્તિત્વ હતું કે જેના પર માલિકો સમ્પૂર્ણ ભરોષો તો કરતા હતા પણ ખબર નહિ કેમ કોઈ એમની સાથે લાંબા સમય સુધી જોડાયેલું નાં રહી શક્યું - આઉટલુક ના અપવાદ સિવાય. ડેબોનેર જેવા બધી જ રીતે રંગીન મેગેઝીનની સફળતા છતાં વિનોદને જે ગંભીર ગણાવાની મહેચ્છા હતી એવી તક મળી ૧૯૮૧માં સન્ડે ઓબ્ઝર્વરના નામે. ભારતના આ પ્રથમ અઠવાડિક વર્તમાનપત્રમાં વિનોદ બરાબરના ખીલ્યા. ખરેખર મહેતાની આ ખીલખીલાટ નું એક કારણ એ હતું કે વિનોદમાં રાજકારણ અને રાજકીય પ્રવાહોની જબરી સુજ હતી. મેહતા ભારતીય વાચકોની રગને પારખવામાં ઉસ્તાદ હતા એમ કહી શકાય. સન્ડે ઓબ્ઝર્વરમાં એમણે કળા, રાજકારણ, સાહિત્ય, સિનેમા અને નાં જાણે કેટકેટલાયે પાસાઓ પર એક એકથી ચડિયાતા લેખો પીરસ્યા પણ આગળ લખ્યું એમ ક્યાંકને ક્યાંક માલિકો સાથે મતભેદ થતા રહ્યા. વિનોદ પોતાને બહુ બુદ્ધિજીવી નહોતા માનતા અને એક્જેટ એવું જ સન્ડે ઓબ્ઝર્વરના માલિકોનું પણ માનવું હતું.વિનોદને જોઈતી સ્વતંત્રતા ક્યાંકને ક્યાંક છીનવાતી રહી અને એ વસ્તુનો આ વાત પરથી ખ્યાલ આવશે કે ૧૯૮૧ માં શરુ કરેલ સન્ડે ઓબ્ઝર્વર સાથેના નાતાથી ૧૯૯૫ માં આઉટ લુક શરુ કર્યા સુધીમાં વચ્ચે વિનોદ ત્રણ પ્રકાશનોમાં આટો મારી આવ્યા. ૧૯૮૭માં ઈન્ડિયન પોસ્ટ, ૧૯૮૯મા ધ ઈન્ડીપેન્ડેન્ટ અને ૧૯૯૦મા પાયોનીયર. ૧૯૯૩માં તો એવો સમય આવ્યો કે વિનોદ પાસે કોઈ કામ જ નહોતું. વિનોદની આ બદલા-બદલીનું મહત્વનું કારણ હતું કે વિનોદ એના માલિકો માટે રાજકીય રીતે જોખમી અને કૈક અંશે અગવડદાયક હતા. જેમકે ઈન્ડીપેન્ડન્ટનો જ દાખલો લો. ૧૯૮૯મા શરુ કર્યાના ફક્ત ૨૯ દિવસોમાં જ વિનોદે ઈન્ડીપેન્ડન્ટ છોડી દીધેલું કારણ યશવંતરાવ ચવ્હાણ વિષે લખેલો એક જોરદાર લેખ. ને આ હિમ્મતનો બદલો એટલે વિનોદને પાણીચું. આવી જ રીતે વિનોદના લેખો અને માલિકોની રાજકીય સગવડો ક્યાંક ને ક્યાંક અથડાયા કરતી અને અંતે વિનોદને પાણીચું એ એકમાત્ર અંતિમ ફેસલો જ આવતો. પણ વિનોદ જેનું નામ એ ડગ્યા નહિ અને અંતે ફળસ્વરૂપ શરુ થયું આઉટલુક કે જેમાં એ સૌથી વધુ સમય સર્વસત્તાધીશ અને સફળ રહ્યા.

વિનોદની જીવન ઝરમર છાપા - મેગેઝીનો કે ટીવીની ચેનલો પર અવિરત સાંભળી-વાંચી જ હશે પણ વિનોદના સમગ્ર વ્યવસાયિક કાર્યકાળ દરમ્યાન આ વાત હમેશા ચર્ચાની એરણે જ રહી કે વિનોદ પ્રભાવશાળી હતો પણ ખબર નહિ કેમ પણ આઉટલુકને બાદ કરતા કોઈ પ્રકાશનોના માલિકો સાથે એને યેનકેન પ્રકારે કોઈને કોઈ વાંધો પડતો જ રહ્યો અને એનું કારણ રહ્યું વિનોદની પત્રકારિતા સાથે કોઈ પણ પ્રકારના સમાધાન નહિ જ કરવાની નીતિ કહો કે જીદ કહો. ને આ જીદને લીધે જ એમને આઉટલુકના માલિકો સાથે પણ વાંધો તો પડ્યો જ. નીરા રાડિયાની ઓડિયો ટેપ સૌપ્રથમ વિનોદે અને આઉટલુકે પ્રગટ કરી. એવું નહોતું કે કોઈને આની ખબર નહોતી ઈનફેક્ટ આખું મીડિયા જગત આ વાતને જાણતું તો હતું જ પણ આવી સ્ફોટક વાતને રજુ કરવા ફોલાદી જીગર જોઈએ જે એકમાત્ર વિનોદ પાસે જ હતું. એણે આ ટેપ જગજાહેર કરી ને રેસ્ટ ઈઝ ધ હિસ્ટ્રી. જો કે આમાં પણ વિવાદ એ થયો કે આ ટેપ તો વિનોદ પાસે છ મહિનાથી હતી પણ એમણે કેમ મોડી જાહેર કરી? જો કે વિનોદને એનાથી કશો ફેર નહોતો પડતો પણ હા આઉટલુકના માલિકોને જરૂર પડ્યો.રાજકીય ધરતીકમ્પો તો આવ્યા જ પણ આનાથી આઉટલુકને નુકશાન એ ગયું કે ટાટા સમુહે આઉટલુકનો સમ્પૂર્ણ બહિષ્કાર કર્યો. મેગેઝીને તગડી જાહેરાતોની આવકો ગુમાવી, અગ્રણી પત્રકારોએ વિનોદનો બહિષ્કાર કર્યો, એક ન્યુઝ ચેનલે એમને પોતાને ત્યાં બોલાવવા પર પ્રતિબંધ લગાવ્યો. મેગેઝીનના માલિક રહેજા ગ્રુપને પણ નાં ગમ્યું અને અંટસની શરૂઆત થઈ અને અંતે યુવાન લોહીને તક આપવાના બહાને વિનોદને આઉટ લુક નું સમ્પાદક પદ છોડવું પડ્યું, ઘણું બધું થયું એક સત્યને ઉજાગર કરવામાં. જે થયું એ પણ વિનોદે પત્રકારિતા ધર્મ બજાવ્યાનો સંતોષ ૧૦૦ % માન્યો અને ભારતીય મીડિયાને બતાવી આપ્યું કે સાહસ અને સત્ય કહેવાની તાલાવેલી એ સમ્પાદકનો પ્રથમ ધર્મ હોવો જોઈએ. કદાચ આ જ કારણ હતું કે એમની સાથે જોડાયેલા પત્રકારોમાંથી મોટાભાગના પત્રકારો વિનોદના વડપણ નીચે લાંબો સમય સુધી કામ કરતા રહ્યા કેમકે વિનોદ રિપોર્ટરોના એડિટર હતા, માર્ગદર્શક હતા, હીરો હતા અને સૌથી વધુ તો એમને મન રીપોર્ટ અને રિપોર્ટરની સ્વતંત્રતાનું અદકેરું મહત્વ હતું.

એટલે તો એક વખત વિનોદે કહેલું કે રાજકારણીઓ અને પત્રકારો ક્યારેય દોસ્ત નાં હોઈ શકે છતાયે વિનોદ પર કોંગ્રેસના ચમચા એવું લેબલ તો લાગેલું જ જયારે હકીકત એ હતી કે વિનોદે આઉટલુકમાં કોંગ્રેસ અને યુપીએ વિરુદ્ધ ઘણી સ્ફોટક અને સનસનીખેજ સ્ટોરીઓ કરેલી જ. એમ તો એમની ભારતીય જનતા પાર્ટી સાથેની નજદીકિયા પણ હમેશા મીડિયામાં ચર્ચાનો મુદ્દો રહ્યા કર્યો. વિનોદ કહે છે કે ૪૦ વર્ષ લાંબી મારી સંપાદકીય કારકિર્દીમાં મેં બહુ દુશ્મનો બનાવ્યા એન અનેક દોસ્તો પણ અને એપણ દરેક રાજકીય પક્ષોમાં, દરેક મીડિયાહાઉસમાં કે દરેક ક્ષેત્રોમાં. જો કે વિનોદ કહે છે કે મને ગર્વ છે કે રાજકારણમાં મારા કોઈ દોસ્તો નથી જ. હા અમુક જેટલી કે અડવાની જેવા એવા ચહેરા છે જેના વિષે હું ગમે ત્યારે ગમે તે લખી શકું છું પણ મોટાભાગે હવે એ સંબંધો પણ નથી રહ્યા. વિનોદની વાતમાં સત્ય હતું કેમકે એણે મોટાભાગે તો પોલીટીક્સને જ નિશાના પર લીધેલું અને સ્વાભાવિક છે કે આવામાં એના રાજકીય દોસ્તો તો ક્યાંથી હોય ? રાજકીય દોસ્ત વાજપેયીના જમાઈ પર બિન્દાસ સ્ટોરી છાપેલી તો મિત્ર શરદ પવારને પણ નહોતા છોડ્યા. રાડિયા ટેપમાં બિન્દાસ પત્રકાર મિત્ર બરખા દત્ત કે તાતા, અંબાનીનો પણ વારો પાડી દીધેલો. વિનોદ પત્રકારિતા વખતે દોસ્તી વચ્ચે નહોતા લાવતા અને વિનોદે પણ રાજકીય દોસ્તીનો ક્યારેય લાભ લેવાની ઈચ્છા રાખી જ નહિ એ પણ એવા સમયે કે જયારે કોઈને કોઈ પ્રકાશન ગૃહ કે સંપાદક એક યા બીજા રાજકીયપક્ષ સાથે જોડાયેલા ગણાતા હોય ત્યારે વિનોદ ફક્ત ને ફક્ત એમના અખબારી ધર્મને જ વળગી રહ્યા ક્યારેય કોઈ સરકારી લાભ કે પ્રલોભનમાં ફસાયા નહિ.

વિનોદને અને માઠા દિવસોને સારી દોસ્તી હતી. રાડિયા ટેપ પછી જે થયું એ તો આગળ લખ્યું જ છે પણ એ ઉપરાંત પણ વિનોદની છબી ભયંકર પ્રમાણિક માણસની બની ગયેલી જે ખરેખર એ હતા પણ. જો કે આ છબી ઘણાને માફક નાં આવી. ઈન્ડીયન એક્સપ્રેસે એમના પર ૧૦૦ કરોડનો દાવો માંડ્યો, વી કે સિંહના સર્ટીફીકેટ બાબતે સરકાર પણ નારાજ થઈ પોતાની આત્મકથા લખનૌ બોયમાં વિનોદે યુવાનીના દિવસોમાં સ્વીસ છોકરી સાથે થયેલા પ્રેમ અને એના વડે થયેલી દીકરીનો ઉલ્લેખ પણ કર્યો છે કે જેને એ હજુ સુધી મળી નહોતા શક્યા કે એ માં-દીકરી ક્યાં હશે એની એમને કોઈ જ જાણ પણ નહોતી. બે વાર પરણેલા વિનોદ સંતાન વિહીન હતા અને જે એક માત્ર સંતાન હતું એ પણ એમનાથી ક્યાંક દુર ને કદાચ એમને ઓળખે પણ નહિ એવી સ્થિતિમાં હતું એનું દુખ એમને અંત સુધી ભારોભાર રહ્યું. કુતરા પાળવાના જબરદસ્ત શોખીન વિનોદે એમના એક ડોગ્ગીનું નામ જ એડિટર રાખેલું. સદાયે રાજીનામાનો કાગળ ખિસ્સામાં રાખીને ફરતા વિનોદ હમેશા એ વાત માટે યાદ રહેશે કે એમણે સમ્પાદકીય કામને એક નવી દિશા અને નીતિ આપી. સંપાદકના પરંપરાગત માળખાને એમણે નવીન અને વધુ ઈન્ટરેસ્ટીગ કલેવર આપ્યું ને એવું કરવામાં એમણે ક્યારેય એનાથી કોણ અને કેટલા લોકો કેવી રીતે પ્રભાવિત થશે એની ક્યારેય ચિંતા નહોતી કરી. મીઠાઈના શોખીન વિનોદ કડવા શબ્દો પણ એટલી જ તીવ્રતાથી છાપી શકતા હતા. પત્રકારિતાની દુનિયા આ લખનૌ બોયને હમેશા યાદ રાખશે.